# ૬ : મજા પડે, મજા પડે



એક વરસની ત્રણ ઋતુઓ, ઋતુઓ
શિયાળો, ઉનાળો અને ચોમાસું.
શિયાળામાં ઠંડી બહુ પડે બહુ પડે
તાપણે તાપવાની મજા પડે મજા પડે
સ્વેટર પહેરવાની મજા પડે મજા પડે
ટોપી પહેરવાની મજા પડે મજા પડે
વસાણાં ખાવાની મજા પડે મજા પડે
એક વરસની...





ઉનાળામાં ગરમી બહુ પડે બહુ પડે
ઠંડા પાણીમાં નાહવાની મજા પડે મજા પડે
આઈસક્રીમ ખાવાની મજા પડે મજા પડે
ફરવા જવાની મજા પડે મજા પડે
એક વરસની...

ચોમાસામાં વરસાદ બહુ પડે બહુ પડે
છત્રી ઓઢવાની મજા પડે મજા પડે
રેઈનકોટ પહેરવાની મજા પડે મજા પડે
પલળવાની મજા પડે મજા પડે
એક વરસની...



**નવા શબ્દો**

વસાણાં ◆ તાપણું



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧. સાંભળો અને બોલો.

| | | |
|---|---|---|
| પડ | ડિલ | પાણી |
| વડ | કિનાર | વાણી |
| પગ | મિનાર | રાણી |
| ડગ | પિતાજી | જાણી |
| રણ | માતાજી | બરણી |
| કણ | સરિતા | ચારણી |
| રાણા | કવિતા | નિસરણી |
| ડામ | વનિતા | આકારણી |
| ડાક | પરિતા | કરવતી |
| પેન | ઈસ | દાતરડી |
| દેન | તિરાડ | સાવરણી |
| વેર | ગિરનાર | સરવાણી |
| તેર | પરિવાર | ઉગમણી |
| છેદ | દીપક | આસમાની |
| વેદ | રવિવાર | જાળવણી |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨. ચિત્ર જુઓ અને જવાબ આપો.



(૧) ઠંડી પડે ત્યારે કેવાં કપડાં પહેરવાં જોઈએ ?

(૨) ઉનાળામાં આપણે કેવાં કપડાં પહેરીએ છીએ ?

(૩) ચોમાસામાં વરસાદથી બચવા શું કરીએ છીએ ?

(૪) ઠંડીથી બચવા આપણે શું કરીએ છીએ ?

(૫) કપડાં સ્વચ્છ રાખવા શી જાળવણી કરીએ છીએ ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. જોડકાં જોડો.















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. રંગ પૂરો.







૫. ઉદાહરણ મુજબ જોડો.

| | |
|---|---|
| ગાડી | કીડી |
| કીડી | ગાડી |
| એરણ | કાતર |
| છીણી | એરણ |
| કાતર | છીણી |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ૬. અભિનય કરો.

અભિનય કરો ભાઈ અભિનય કરો.
ગરમ કપડાં પહેરવાનો
મફલર શાલ ઓઢવાનો
તાપણે તાપ તાપવાનો, અભિનય કરો ભાઈ અભિનય કરો.
પંખાથી હવા ખાવાનો
ઠંડાં પીણાં પીવાનો
પરસેવો લૂછવાનો, અભિનય કરો ભાઈ અભિનય કરો.
વરસાદમાં નાહવાનો
છત્રી લઈ ચાલવાનો
રેઈનકોટ પહેરવાનો, અભિનય કરો ભાઈ અભિનય કરો.

## ૭. ઓળખો અને ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| પ | પરિતા | પવન | પલક |
| ડ | ડગ | ડમરું | વડલો |
| ત | ખાતર | શરબત | તરણું |
| ણ | જણસ | પણછ | બાણ |
| ઇ | ઇજન | ઇમારત | ઇનામ |
| ઈ | ઈડલી | ઈશાન | ઈમાન |

## ૮. આંગળી ફેરવો :



## ૯. ટપકાં જોડો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ | પ | પ | પ | પ | પ |
| ડ | ડ | ડ | ડ | ડ | ડ |
| ત | ત | ત | ત | ત | ત |
| ણ | ણ | ણ | ણ | ણ | ણ |
| ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇ |
| ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ |
| પ | | | | | |
| ડ | | | | | |
| ત | | | | | |
| ણ | | | | | |
| ઇ | | | | | |
| ઈ | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧૦. વાંચો અને લખો.

| | | |
|---|---|---|
| બાગ | બકરી | નિસરણી |
| કીડી | વાગતી | કરવતી |
| સાડી | ઊડતી | દાતરડી |

મનને મને કાકડી આપી.


તમારી સાડી સારી છે.

રાજાની ગાડી કરતાં મારી ગાડી સારી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. શબ્દ બનાવો.





૧. કાપડ

૨.

૩.

૪.

૫.




૧. બબડી

૨.

૩.

૪.

૫.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# શિક્ષકો માટે

(૧) આપેલા બધા શબ્દો શિક્ષકે ક્રમશઃ બોલાવવા. અહીં નવા-જૂના મૂળાક્ષરના શ્રવણના અનુભવો પૂરા પાડવાનો હેતુ છે.

(૨) ચિત્રનું બારીકાઈથી નિરીક્ષણ કરવું. ચિત્ર જોતી વખતે પૂરક પ્રશ્નો પૂછી શકાય. પહેલા ચિત્રમાં શું દેખાય છે ? શિયાળો, ઉનાળો, ચોમાસું ઋતુ છે તેના વિશે જાણકારી આપવી તેમજ દરેક ઋતુમાં જરૂરિયાત મુજબ કપડાં પહેરવાનાં હોય તે સમજાવવું એ ઉપરાંત પ્રકૃતિ એ માણવાની ચીજ છે. એ પણ સમજાવવું તેમજ નીચે આપેલા અને તેના જેવા અન્ય પ્રશ્નો પૂછવા.

(૩) ચિત્રનું અનુસંધાન સામેના ભાગમાં છે, તે ચિત્ર સાથે જોડકાં જોડાવો. ઉદાહરણ, તાપણાનું ચિત્ર છે તેને ગરમ કપડાં પહેરેલ બાળકના ચિત્ર સાથે જોડવું.

(૪) ચિત્રમાં રંગ પૂરાવો. રંગ પૂરતી વખતે વ્યક્તિગત માર્ગદર્શન આપો. તેમજ જરૂરી સૂચના આપો.

(૫) ઉદાહરણ મુજબ ઉપર-નીચે સરખા શબ્દોને જોડાવો.

(૬) વિવિધ અભિનય કરાવો કે જે ઋતુઓ અને તે મુજબ કપડાંની જરૂરિયાત અને કપડાંની જાળવણી દર્શાવતો હોય.

(૯) ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરાવો.

(૧૦) શબ્દો અને વાક્યો લખાવો. અહીં આપણો હેતુ અનુલેખનનો છે. આ પ્રમાણે અભ્યાસક્રમ મુજબ શ્રુતલેખન પણ કરાવો.

(૧૧) ઉદાહરણ મુજબ શબ્દો બનાવવા અને બાજુમાં આપેલ જગ્યામાં લખાવો. આવાં અન્ય ઉદાહરણો દૃઢીકરણ અને મહાવરા માટે આપો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| પ, ડ, ત, ણ | હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ | • ઋતુઓ અને તે મુજબ કપડાંની જરૂરિયાત તેમજ કપડાંની જાળવણી. |

◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in